# જાહેરનામું

**પોલીસ કમિશ્નર અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક: ગ/ઉપક/ટ્રાફિક/૭૩૧ /૨૦૧૫ તા. ૭/૧/૨૦૧૫**

**પોલીસ કમિશ્નર અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક: ગ/ઉપક/ટ્રાફિક/૪૨૭ /૨૦૧૪ તા.૨૬ /૧૨/૧૪**

હું શિવાનંદ ઝા પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર ગુજરાત પોલીસ અધિનિયમ સને. ૧૯૫૧ નંબર ૨૨ ની પેટા કલમ (૩૩) (૧) (બી) અન્વયે મને મળેલ સત્તાની રૂએ આગામી તા.૭/૧/૨૦૧૫ થી તા.૯/૧/૨૦૧૫ તથા તા.૧૧/૧/૨૦૧૫ થી તા.૧૩/૧/૨૦૧૫ દરમ્યાન પ્રવાસી ભારતીય દિવસ અને ગુજરાત વાઇબ્રન્ટ-૨૦૧૫ ની ઊજવણી દરમ્યાન મહામહીમ રાષ્ટ્રપતિશ્રી, વડાપ્રધાનશ્રી, મહાનુભાવો, વિદેશી મહેમાનો, વિદેશના પ્રધાનમંત્રીશ્રીઓ, અન્ય રાજ્યોના મુખ્યમંત્રીશ્રીઓ, અગ્રણી ઉધોગપતિશ્રીઓ અને બહારના દેશના ડેલીગેટો આ કાર્યક્રમમાં ભાગ લેવા માટે અમદાવાદ એરપોર્ટ ખાતે પધારનાર હોય તેઓની સલામતી સુરક્ષાના હેતુસર નીચે મુજબનો હુકમ કરૂ છું.

**હુકમ** :-

અમદાવાદ શહેરમાં આગામી તા.૫/૧/૨૦૧૫ થી તા.૧૩/૧/૨૦૧૫ દરમ્યાન જાહેરનામું બહાર પાડવામાં આવેલ જેમાં અશંત: સુધારો કરી તા.૧૧/૧/૨૦૧૫ કલાક ૦૭/૦૦ થી ૨૪/૦૦ દરમ્યાન પ્રવાસી ભારતીય દિવસ અને ગુજરાત વાઇબ્રન્ટ-૨૦૧૫ ની ઊજવણી દરમ્યાન મહામહીમ રાષ્ટ્રપતિશ્રી, વડાપ્રધાનશ્રી, મહાનુભાવો, વિદેશી મહેમાનો, વિદેશના પ્રધાનમંત્રીશ્રીઓ, અન્ય રાજ્યોના મુખ્યમંત્રીશ્રીઓ, અગ્રણી ઉધોગપતિશ્રીઓ અને બહારના દેશના ડેલીગેટો આ કાર્યક્રમમાં ભાગ લેવા માટે અમદાવાદ એરપોર્ટ ખાતે પધારનાર હોય તેઓની સલામતી સુરક્ષાના હેતુસર મહાનુભાવોના કોન્વોયને કોઇપણ અડચણ વગર જે તે રસ્તાઓથી સુરક્ષિત રીતે પસાર થઇ શકે તે માટે શાહીબાગ તરફથી ગાંધીનગર અને નાના ચિલોડા, નરોડા તરફ જતા તથા નાના ચિલોડાથી ઇન્દીરાબ્રીજ સર્કલ થઇ ગાંધીનગર-શાહીબાગ તરફ જતા રસ્તાઓ ઉપર જણાવેલ મહાનુભાવશ્રીઓ પધારે તે દિવસોમાં નીચે જણાવેલ માર્ગોથી ટ્રાફીક જઇ તેમજ આવી શકશે.

- ❖ શાહીબાગ અંડરબ્રીજ સર્કલ થઇ નાગપાલના દવાખાના થઇ ડફનાળા ટી થઇ એરપોર્ટ ટી થઇ ઇન્દીરાબ્રીજ સર્કલ થઇ ગાંધીનગર તરફ આવ-જા કરી શકાશે નહી.
- ❖ નાના-ચિલોડા સર્કલ નરોડાથી કોતરપુર થઇ અમદાવાદ એરપોર્ટ કે ગાંધીનગર તરફ આવતા જતા માર્ગ ઉપર આવ-જા કરી શકાશે.
- ❖ સરદારનગર ગામ કે હાંસોલ ગામ તરફથી એરપોર્ટ કે ગાંધીનગર તરફ આવ-જા કરી શકાશે નહી.

## વૈકલ્પિક માર્ગો :

- ➢ શાહીબાગ અંડરબ્રીજ સર્કલ થી સુભાષબ્રીજ સર્કલ થઇ ચિમનભાઇ ઓવરબ્રીજ મધ્યભાગે થઇ સાબરમતિ પોલીસ સ્ટેશન થઇ વિસત ટી થઇ ગાંધીનગર તરફ આવ-જા કરી શકાશે.

- શાહીબાગ થી નરોડા તરફ જવા માટે ઘેવર સર્કલ થઇ વિઠ્ઠલનગર ચાર રસ્તા થઇ મીના બજાર થઇ રામેશ્વર ચાર રસ્તા થઇ મેમ્કો ઓવર બ્રીજ થઇ નરોડા પાટીયા તરફ આવ-જા કરી શકાશે.
- નાના ચિલોડા નરોડાથી ગાંધીનગર તરફ આવવા-જવા માટે નાના ચિલોડા રિંગ રોડ સર્કલ થઇ એપોલો સર્કલ થઇ રિંગ રોડ તરફ આવ-જા કરી શકાશે.
- સરદારનગર ગામ તથા હાંસોલ ગામ તરફથી ગાંધીનગર તરફ આવવા જવા માટે કોતરપુર થઇ રુબી-ટી થઇ નાના ચિલોડા રીંગ રોડ થઇ ગાંધીનગર તરફ આવ-જા કરી શકાશે.

આ જાહેરનામુ ફાયરબ્રિગેડ, એમ્બ્યુલન્સ સેવાઓ તથા સરકારી વાહનોને કામગીરી દરમ્યાન તેમજ જે વ્યક્તિઓને વિમાન દ્વારા મુસાફરી કરવાની છે તેમના વાહનો તથા એરપોર્ટ પરની ટેક્ષીઓ તથા એરપોર્ટ સર્કલ પાસે આવેલ હોટલોનો સ્ટાફ અને હોટલોમાં રોકાનાર વ્યક્તિઓને તથા એરપોર્ટનો સ્ટાફ તથા એરપોર્ટની આજુબાજુમાં રહેતા સ્થાનિક રહેવાસીઓના વાહનોને તેમજ પબ્લીક આવશ્યક સેવાઓને લાગુ પડશે નહિ.

આ જાહેરનામાનો અમલ **તા.૧૧/૧/૨૦૧૫ કલાક ૦૭/૦૦ થી ૨૪/૦૦ સુધી** જરુરીયાત મુજબ પોલીસ દ્વારા અમલ કરાવવામાં આવશે.

આ જાહેરનામાના આદેશોનું ઉલ્લઘંન કરનાર ઇસમ ભારતીય ફોજદારી ધારા કલમ ૧૮૮ અને ગુજરાત પોલીસ અધિનિયમ કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તા.૭/૧/૨૦૧૫ એ મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

તા. ૭/૧/૨૦૧૫
અમદાવાદ.

(શિવાનંદ ઝા)
પોલીસ કમિશ્નર
અમદાવાદ શહેર

**નકલ સવિનય રવાના :**

(૧) મેનેજરશ્રી ગવર્નમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા
    ૨/- ગુજરાત ગર્વમેન્ટ ગેજેટ પ્રસિધ્ધ કરવા સારૂ.
(૨) અગ્ર સચિવશ્રી, ગૃહ વિભાગ, ગુજરાત સરકાર, સચિવાલય, ગાંધીનગર.
(૩) પોલીસ મહનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા. પોલીસ ભવન,ગાંધીનગર.
(૪) કલેકટરશ્રી,જીલ્લા કલેકટરની કચેરી, ધી કાંટા, અમદાવાદ શહેર.
(૫) અમદાવાદ રજીસ્ટ્રારશ્રી હાઇકોર્ટ, (૫ નકલ)
    રજીસ્ટ્રારશ્રી સિવિલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ શહેર. (૫ નકલ)
    રજીસ્ટ્રારશ્રી સેશન્સ કોર્ટ , અમદાવાદ શહેર (૫ નકલ)
    ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી અમદાવાદ શહેર. (૫ નકલ)
(૬) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર.
(૭) પબ્લીક પ્રોસીક્યુટરશ્રી,અમદાવાદ શહેર
(૮) સીનીયર પોલીસ પ્રોસીક્યુટરશ્રી,અમદાવાદ શહેર
(૯) માહિતી નિયામકશ્રી સચિવાલય,ગાંધીનગર (૨ નકલ)